# ગણિત



## ધોરણ-૬

દ્વિતિય સત્ર

# વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## (૭) અપૂર્ણાંક સંખ્યાઓ

**અધ્યયન નિષ્પતિ :**

M605 નાણા, લંબાઇ, તાપમાન સંદર્ભે જુદી જુદી પરિસ્થિતિમાં અપૂર્ણાંક તથા દશાંશ અપૂર્ણાંકનો ઉપયોગ કરે છે. જેમ કે 7 મીટર કપડું, બે સ્થળ વચ્ચેનું અંતર 112.5 કિમી,

M605.1 અપૂર્ણાંક સંખ્યાઓની સમજ દર્શાવે છે.

M605.2 સંખ્યારેખા પર અપૂર્ણાંક સંખ્યાને દર્શાવે છે.

M605.3 શુદ્ધ, અશુદ્ધ અને મિશ્ર અપૂર્ણાંક વિશે જણાવે છે.

M605.4 આપેલા અપૂર્ણાંકના સમઅપૂર્ણાંક આપે છે.

M605.5 આપેલા અપૂર્ણાંકોને અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં ફેરવે છે.

M605.6 સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંક વિશે જણાવે છે.

M605.7 જુદા જુદા અપૂર્ણાંકોની તુલના કરે છે.

M605.8 સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંકોની સરખામણી કરે છે.

M605.9 અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી કરે છે.

M606 રોજિંદા જીવનમાં અપૂર્ણાંક - દશાંશ અપૂર્ણાંક વાળી સંખ્યાઓના સરવાળા અને બાદબાકીના આધારે વ્યવહારિક કોયડા ઉકેલે છે.

M606.1 રોજિંદા જીવનમાં અપૂર્ણાંક વાળી સંખ્યાઓના સરવાળા અને બાદબાકીના આધારે વ્યવહારિક કોયડા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- અપૂર્ણાંક
- સંખ્યા રેખા પર અપૂર્ણાંક
- શુધ્ધઅપૂર્ણાંક, શુધ્ધ અપૂર્ણાંક અને મિત્ર અપૂર્ણાંક
- સમ અપૂર્ણાંક
- અપૂર્ણાંકનું અતિસંક્ષિપ્ત સ્વરૂપ
- સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંક
- અપૂર્ણાંકની તુલના
- સમચ્છેદી અને વિષમચ્છેદી
- અપૂર્ણાંકની સરખામણી
- અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિવિધ આકારના પૂંઠા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને અપૂર્ણાંકોની ઉદાહરણ દ્વારા સમજ આપી સંકલ્પના સ્પષ્ટ કરીશ. વિવિધ પ્રવૃતિ / રમત રમાડી અપૂર્ણાંકો વિશે સમજાવીશ. સંખ્યા રેખા પર અપૂર્ણાંકોને દર્શાવતાં શીખવીશ. વિદ્યાર્થીઓ સંખ્યારેખા પર અપૂર્ણાંકોને દર્શાવશે. શુધ્ધ અપૂર્ણાંક, અશુધ્ધ અપૂર્ણાંક અને મિશ્ર અપૂર્ણાંકની ઉદાહરણ દ્વારા સમજ આપીશ. સંકલ્પના સ્પષ્ટ કરીશ. સમઅપૂર્ણાંક ની સમજ આપી સંકલ્પના સ્પષ્ટ કરીશ. અપૂર્ણાંકનું અતિસંક્ષિપ્ત રૂપમાં ફેરવતાં શીખવીશ. વિદ્યાર્થીઓને અપૂર્ણાંકોમાં ફેરવીશ. વિદ્યાર્થીઓ અપૂર્ણાંકને અતિ સંક્ષિપ્ત રૂપમાં ફેરવશે. વિદ્યાર્થીઓને સમચ્છેદી તથા વિષમચ્છેદી અપૂર્ણાંકની ઉદાહરણ આપી સંકલ્પના સ્પષ્ટ કરીશ. સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંકની સરખામણી

કરાવીશ. વધુ ઉદાહરણ દ્વારા દ્રઢિકરણ કરાવીશ. અપૂર્ણાંકના સરવાળા – બાદબાકીના વિવિધ પ્રકારના દાખલા શીખવીશ. ઉદાહરણ દ્વારા દ્રઢિકરણ કરાવીશ. વિદ્યાર્થીઓને દાખલા ગણવા આપીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : ૧

- સફરજનને બે મિત્રો વચ્ચે સરખા ભાગે વહેંચવું.

પ્રવૃતિ : ૨

- કાગળના પૂંઠામાંથી ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, ગોળ આકાર આપી સરખા ભાગ દોરો.

**મૂલ્યાંકન**

સ્વાધ્યાય ૭.૧

સ્વાધ્યાય ૭.૨

સ્વાધ્યાય ૭.૩

સ્વાધ્યાય ૭.૪

સ્વાધ્યાય ૭.૫

સ્વાધ્યાય ૭.૬

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## (૮) દશાંશ સંખ્યાઓ

**અધ્યયન નિષ્પતિ :**

M 605.10 દશાંશ અને શતાંશની સમજ દર્શાવે છે.

M 605.11 દશાંશ સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ કરે છે.

M 605.12 દશાંશ-અપૂર્ણાંકનું સાદા અપૂર્ણાંકમાં અને સાદા અપૂર્ણાંકનું દશાંશ-અપૂર્ણાંકમાં રૂપાંતર કરે છે.

M 605.13 દશાંશ-અપૂર્ણાંકોની સરખામણી કરે છે.

M 606 રોજિંદા જીવનમાં અપૂર્ણાંક / દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાઓનાં સરવાળા અને બાદબાકીના આધારે વ્યાવહારિક કોયડા ઉકેલે છે.

M 606.2 રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ-અપૂર્ણાંકવાળી સંખ્યાનાં સરવાળા/બાદબાકી કરી સમસ્યા ઉકેલે છે.

M 606.3 રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ-અપુર્ણાંકવાળી સંખ્યાનાં સરવાળા/બાદબાકી આધારિત વ્યવસારુ કોયડા કરી સમસ્યા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દશાંશની સમજ
- સંખ્યારેખા પર દશાંશ સંખ્યાનું નિરૂપણ
- દશાંશ તરીકે અપૂર્ણાંક
- અપૂર્ણાંક તરીકે દશાંશ
- શતાંશની સમજ
- અપૂર્ણાંકનું તિ સંક્ષિપ્ત રૂપ
- દશાંશોની સરખામણી
- દશાંશનો ઉપયોગ
- નાણાં, લંબાઇ, વજન
- દશાંશ સંખ્યાઓનો સરવાળો
- દશાંશોની બાદબાકી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઉદાહરણ દ્વારા દશાંશની સમજ આપીશ. પ્રવૃત્તિ દ્વારા ખ્યાલ આપીશ. દશાંશ કેવી રીતે લખી શકાય તથા વાંચી શકાય તે સમજાવીશ. "પ્રયત્ન કરો" ની ચર્ચા કરી. વિદ્યાર્થીઓને ઉત્તર આપવા

જણાવીશ. દશાંશ સંખ્યાઓને સંખ્યારેખા પર નિરૂપણ કરતાં શીખવીશ. અપૂર્ણાંકને દશાંશ સંખ્યામાં કેવી રીતે લખી શકાય તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. વિદ્યાર્થીઓને શતાંશની સમજ ઉદાહરણ દ્વારા આપીશ. પ્રવૃત્તિ દ્વારા ખ્યાલ આપીશ. આપેલ અપૂર્ણાંકને અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં દર્શાવતાં શીખવીશ. દશાંશની સંખ્યા મોટી છે તે ઉદાહરણ દ્વારા શીખવીશ. દશાંશોની કઇ સંખ્યામોટી છે તે ઉદાહરણ દ્વારા સમજાવી શોધાવીશ. દશાંશનો ઉપયોગ નાણાં, લંબાઇ, વજનની વ્યાવહારિક પ્રક્રિયામાં કેવી રીતે કરી શકાય તેવી તે ઉદાહરણ દ્વારા બતાવીશ. દશાંશ સંખ્યાઓના સરવાળાના દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે. વિદ્યાર્થીઓને દશાંશની બાદબાકીના દાખલા શીખવીશ. વ્યાવહારિક દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**પ્રવૃત્તિ/ પ્રોજેક્ટ / રમત**

પ્રવૃત્તિ :

કાર્ડ પેપરના ૧૦ x ૧૦ ના ભાગાકારના ચિત્રોમાં આપેલ સૂચનામાં રંગ પૂરો.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાય ૮.૧
- સ્વાધ્યાય ૮.૨
- સ્વાધ્યાય ૮.૩
- સ્વાધ્યાય ૮.૪
- સ્વાધ્યાય ૮.૫
- સ્વાધ્યાય ૮.૬

આપણે શું શીખ્યા ?

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## (૯) માહિતીનું નિયમન

**અધ્યયન નિષ્પતિ :**

M 618 વિવિધ પરિસ્થિતિમાં રોજિંદા જીવનવ્યવહારની જરૂરી માહિતી એકત્ર કરે છે (જેમકે કુટુંબ દ્વારા છેલ્લા 6 માસ દરમિયાન વિવિધ વસ્તુઓ પાછળ થયેલ ખર્ચની વિગત), એકત્ર કરેલી માહિતીને કોષ્ટક સ્વરૂપે રજૂ કરે છે અને માહિતી પરથી ચિત્રઆલેખ-લંબાલેખ દોરે છે તેમજ આલેખનું અર્થઘટન કરે છે.

M 618.1 રોજિંદા જીવનમાંથી માહિતીને એકત્રિત કરી તેને કોષ્ટકમાં દર્શાવે છે.

M 618.2 માહિતીને અનુરૂપ ચિત્રઆલેખને દોરે છે.

M 618.3 માહિતીને અનુરૂપ ચિત્રઆલેખનું અર્થઘટન કરે છે.

M 618.4 માહિતીને અનુરૂપ લંબઆલેખનું અર્થઘટન કરે છે.

M 618.5 માહિતીને અનુરૂપ લંબઆલેખને દોરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વિદ્યાર્થીઓની સરાસરી હાજરીનું અવલોકન
- વિદ્યાર્થીની માર્કશીટનું અવલોકન
- ક્રિકેટ સ્કોર બોર્ડનું અવલોકન
- માહિતીની નોંધ
- માહિતીનું સંગઠન
- માહિતીનો ચાર્ટ તૈયાર કરવો.
- ચિત્ર આલેખ
- ચિત્ર આલેખનું અર્થઘટન
- ચિત્ર આલેખ દોરવા.
- લંબ આલેખ
- લંબ આલેખનું અર્થઘટન
- લંબ આલેખ દોરવા.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓના હાજરી પત્રકની સરાસરી હાજરીનું વિદ્યાર્થીઓની માર્કશીટ અને ક્રિકેટ સ્કોરબોર્ડનું અવલોકન કરાવીશ. આપેલ માહિતી કેવી રીતે ઉપયોગી છે તે ચર્ચા કરીશ. માહિતીની નોંધ કેવી રીતે કરવામાં આવે છે તે ઉદાહરણ દ્વારા બતાવીશ. માહિતીને ચાર્ટ સ્વરૂપે કેવી રીતે દર્શાવાય છે તે બતાવીશ. વિવિધ ઉદાહરણોના ચાર્ટ આવૃત્તિ ચિહ્નોનો ઉપયોગ કરી તૈયાર કરાવીશ. આપેલ માહિતીના આધારે ચિત્ર આલેખ દોરતાં શીખવીશ. વિદ્યાર્થીઓ ચિત્ર આલેખ બનાવશે. ચિત્ર આલેખનું અર્થઘટન કરતાં શીખવીશ. ચિત્ર આલેખના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તરો આપશે. ચિત્ર આલેખ દોરતાં શીખવીશ. વિવિધ ઉદાહરણ દ્વારા ચિત્ર આલેખ દોરવાની સમજ આપીશ. લંબ આલેખની સમજ આપીશ. લંબ આલેખનું અર્થઘટન કરતાં શીખવીશ. લંબ આલેખ દોરવા જણાવીશ. વિદ્યાર્થીઓ લંબ આલેખ દોરશે. લંબ આલેખ પરથી પ્રશ્નોના જવાબ આપશે. સ્વાધ્યાય દ્વારા દ્રઢિકરણ કરાવીશ.

**પ્રવૃત્તિ/ પ્રોજેક્ટ / રમત**

પ્રવૃત્તિ :

તમારા કુટુંબના સભ્યોની સંખ્યા મેળવી કોષ્ટકમાં આવૃત્તિ ચિહ્ન દ્વારા દર્શાવવાં

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાય ૯.૧
- સ્વાધ્યાય ૯.૨
- સ્વાધ્યાય ૯.૩
- સ્વાધ્યાય ૯.૪

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન (૧૦) માપન

**અધ્યયન નિષ્પતિ :**

M 617 આસપાસ રહેલી વસ્તુઓ (જેવી કે વર્ગખંડનું ભોયતળિયું, ચોક બોક્સની બાજુઓ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે છે.

M 617.1 ચોરસ-લંબચોરસની પરિમિતિ શોધે છે.

M 617.2 નિયમિત આકારોની પરિમિતિ શોધે છે.

M 617.3 પરિમિતિ આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

M 617.4 લંબચોરસનું ક્ષેત્રફળ શોધે છે.

M 617.5 ચોરસનું ક્ષેત્રફળ શોધે છે.

M 617.6 આલેખપત્રની મદદથી અનિયમિત આકારોનાં ક્ષેત્રફળ શોધે છે.

M 617.7 ક્ષેત્રફળ આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

કોયડા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સમતલીય આકૃતિઓ પરિમિતિનો ખ્યાલ
- પરિમિતિ ના ખ્યાલનો રોજિંદા જીવનમાં ઉપયોગ
- પ્રયત્ન કરો.
- લબચંરસની પરિમિતિત
- નિયમિત આકારોની પરિમિતિ
- ચોરસની પરિમિતિ
- સમબાજુ ત્રિકોણની પરિમિતિ
- ષટ્કોણની પરિમિતિ
- પંચકોણની પરિમિતિ

- ક્ષેત્રફળનો ખ્યાલ
- આકારનું ક્ષેત્રફળ શોધવું
- લંબચોરસનું ક્ષેત્રફળ
- ચોરસનું ક્ષેત્રફળ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- આલેખન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સમતલીય આકૃત્તિઓ વિશેનો ખ્યાલ આપીશ. પરિમિતિનો ખ્યાલ વિવિધ ઉદાહરણ દ્વારા આપીશ. પરિમિતિના ખ્યાલનો આપણા રોજિંદા જીવનમાં વ્યાપક રીતે ઉપયોગ કેવી રીતે થાય છે તે ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશ. પરિમિતિ શોધવાની જરૂર હોય તેવી પરિસ્થિતિનાં પાંચ ઉદાહરણો જણાવવા કહીશ. પરિમિતિ શોધતાં શીખવીશ. 'પ્રયત્ન કરો'માં આપેલીની પરિમિતિ શોધાવીશ. લંબચોરસની પરિમિતિ શોધતાં શીખવીશ. વિદ્યાર્થીઓ 'પ્રયત્ન કરો' માં આપેલ લંબાઇ અને પહોળાઇના માપના આધારે પરિમિતિ શોધાવીશ. લંબચોરસની પરિમિતિના આધારે વ્યાવહારૂ ઉપયોગમાં પરિમિતિ શોધાવીશ. નિયમિતિ આકારોની પરિમિતિ શોધાવીશ. ચોરસ, સમબાજુ, ત્રિકોણ, પંચકોણ, ષટ્કોણની પરિમિતિ શોધતાં શીખવીશ. વિદ્યાર્થીઓ પરિમિતિ શોધવા જણાવીશ. બંધ આકૃત્તિઓનું અવલોકન કરાવીશ. દરેક આકૃત્તિઓનું અવલોકન કરાવીશ. દરેક આકૃત્તિ સપાટીનો કેટલો ભાગ રોકે છે ? તે જણાવવા કહીશ. ક્ષેત્રફળની વ્યાખ્યા સ્પષ્ટ કરીશ. વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવીશ. આલેખપત્ર પર આપેલ આકારનું ક્ષેત્રફળ શોધતાં શીખવીશ. વિદ્યાર્થીઓ આકૃત્તિઓનાં ક્ષેત્રફળ આવરિત ચોરસની ગણતરી કરી ક્ષેત્રફળ મેળવશે. લંબચોરસનું ક્ષેત્રફળની ગણતરી કેવી રીતે કરી શકાય તે જણાવીશ. લંબચોરસનું ક્ષેત્રફળ શોધશે. ચોરસનું ક્ષેત્રફળ શોધતાં શીખવીશ. વિદ્યાર્થીઓ ચોરસનું ક્ષેત્રફળ શોધશે. ક્ષેત્રફળને લગતા વ્યવહારૂ દાખલવા ગણાવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / રમત**

પ્રવૃત્તિ : ૧ તમારી આસપાસ નિયમિતિ આકારની વસ્તુઓ શોધી પરિમિતિ ગણો.

પ્રવૃત્તિ : ૧ આલેખપત્ર પર પાંદડાં, ફૂલની પાંખડીયો કે અન્ય વસ્તુઓના ક્ષેત્રફળનો અંદાજ લગાવો.

**મૂલ્યાંકન**

સ્વાધ્યાય ૧૦.૧
સ્વાધ્યાય ૧૦.૨
સ્વાધ્યાય ૧૦.3

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## (૧૧) બીજ ગણિત

**અધ્યયન નિષ્પતિ :**

M 607 ચલનો ઉપયોગ કરીને આપેલ પરિસ્થિતિનું સામાન્યીકરણ કરે છે. દા.ત., જે લંબચોરસની બાજુઓ x અને 3 એકમ હોય તેની પરિમિતિ $2(x + 3)$ એકમ થાય.

M 607.1 ચલની અભિવ્યક્તિની સમજ દર્શાવે છે.

M 607.2 ચલની અભિવ્યક્તિનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

M 607.3 ચલની અભિવ્યક્તિથી સમીકરણ રચે છે.

M 607.4 ચલની અભિવ્યક્તિથી રચેલ સમીકરણને ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મેચસ્ટિક પેટર્ન (દીવાસળીની પેટર્ન)
- ચલનો વિચાર
- વધુ મેચસ્ટિક પેટર્ન
- દીવાસળીની સળીમાંથી મૂળાક્ષરો તથા બીજા આકારો બનાવી પેટર્ન રચના કરવી.
- ચલનાં વધુ ઉદાહરણો
- સામાન્ય નિયમોમાં ચલ
- ભૂમિતિના નિયમો
- ચલ સાથે અભિવ્યક્તિ
- અભિવ્યક્તિનો વ્યાવહારિક ઉપયોગ
- સમીકરણ શું છે ?
- સમીકરણની રચના
- સમીકરણનો ઉકેલ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને દીવાસળીની મદદથી જુદી – જુદી પેટર્ન બનાવતાં શીખવીશ. દીવાસળીની મદદથી મૂળાક્ષર L ની પેટર્ન બનાવે છે. તે જ રીતે 1L, 2L, 3L, 4L ની પેટર્ન બનાવી છે. તેને આધારે આપેલ કોષ્ટકનો અભ્યાસ કરાવીશ. સરળતા ખાતર L ની જગ્યાએ N લખી નિયમ બનાવી દીવાસળી કેટલી જોઇએ તે સંખ્યા જાણી શકાશે તે બતાવીશ. ચલનો વિચાર ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશ. ચલનો અર્થ સમજાવીશ. ચલ વિશે વધુ અભ્યાસ કરવા માટે મેચેસ્ટિક પેટર્નનું ઉદાહરણ આપીશ. C ની પેટર્ન રચના માટે જરૂરી દીવાસળીની સંખ્યાના કોષ્ટકનો અભ્યાસ કરાવીશ. C ની પેટર્ન રચાવીશ. તેના આધારે નિયમની રચના કરાવીશ. દીવાસળીની સળીઓમાંથી મૂળાક્ષરો અને બીજા આકાર બનાવી પેટર્ન રચના જણાવીશ. તેનો નિયમ લખવા જણાવીશ. કેટલાંક જાણીતા ઉદાહરણોમાં ચલની ગણતરી કરાવીશ. વિવિધ ઉદાહરણ આપીશ. સામાન્ય નિયમોમાં ચલનો ઉપયોગ ભૂમિતિના નિયમોમાં ચોરસની પરિમિતિ લંબચોરસની પરિમિતિ તથા અંકગણિતના નિયમોમાં બે અંકોના પરિવર્તનીય સરવાળા, બે અંકોના પરિવર્તનીય ગુણાકાર, અંકોનું વિભાજનમાં ચલના નિયમોનો ઉપયોગ ઉદાહરણ દ્વારા સમજાવીશ. ચલનો ઉપયોગ કરી અંકગણિતમાં અભિવ્યક્તિ મેળવી શકાય છે. ઉદાહરણ દ્વારા સમજાવીશ. અભિવ્યક્તિ શું દર્શાવે છે તે તથા સૂચના પ્રમાણે અભિવ્યક્તિ કેવી રીતે લખી શકાય તે તેના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને અભિવ્યક્તિનો વ્યાવહારિક ઉપયોગના ઉદાહરણ આપીશ. વિદ્યાર્થીઓને સમજાવીશ. ચર્ચા – પ્રશ્નોત્તરી કરીશ. સમીકરણ શું છે તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. તે માટે મેચસ્ટિક પેટર્નનો ઉપયોગ કરીશ. વિવિધ સમીકરણના ઉદાહરણ આપીશ. સમીકરણનો ઉકેલ ઉદાહરણ દ્વારા મેળવતાં શીખવીશ. વિદ્યાર્થીઓ સમીકરણનો ઉકેલ મેળવશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / રમત**

પ્રવૃત્તિ : ૧ દીવાસળીની મેચસ્ટિકની મદદથી મૂળાક્ષરો બનાવવા.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાય ૧૧.૧
- સ્વાધ્યાય ૧૧.૨

- સ્વાધ્યાય ૧૧.૩
- સ્વાધ્યાય ૧૧.૪
- સ્વાધ્યાય ૧૧.૫

## માર્ચ માસનું પાઠ આયોજન
## (૧૨) ગુણોત્તર અને પ્રમાણ

**અધ્યયન નિષ્પતિ :**

M 608 વિવિધ પરિસ્થિતિમાં ગુણોત્તરનો ઉપયોગ કરીને જથ્થાની તુલના કરે છે. જેમકે કોઈ વર્ગમાં છોકરા અને છોકરીનો ગુણોત્તર 3:2 છે.

M 608.1 ગુણાકાર, ભાગાકારની મદદથી ગુણોત્તર દર્વિ છે.

M 608.2 સરખા ગુણોત્તર શોધે છે.

M608.3 પ્રમાણની સમજ દર્વિ છે.

M 608.4 ગુણોત્તરમાં અંત્યપદ અને મધ્યપદ જણાવે છે.

M 609 વિવિધ સમસ્યાના ઉકેલ માટે એકાત્મક પદ્ધતિનો ઉપયોગ કરે છે. એકાત્મક પદ્ધતિ દ્વારા 1 ડઝન નોટબુકની કિંમત પરથી 7 નોટબુકની કિંમત શોધે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- રોજિંદા જીવનમાં એકસરખા પ્રકારની વસ્તુઓની સરખામણી
- ગુણોત્તરની સમજ
- ગુણોત્તર માટેનો સંકેત
- જુદી – જુદી પરિસ્થિતિમાં સરખા ગુણોત્તર
- સમાન ગુણોત્તર
- પ્રમાણ
- પ્રમાણ દર્શાવવા માટેનો સંકેત
- એકાત્મક પદ્ધતિ (યુનિટરી મેથડ)
- વ્યાવહારિક દાખલા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં એકસરખા પ્રકારની વસ્તુઓની સરખામણી કરતાં હોય તેવા ઉદાહરણ આપીશ. ભાગાકારની રીતે સરખામણી એ ગુણોત્તર છે તે ઉદાહરણ આપી સમજાવીશ. ગુણોત્તર છે તે ઉદાહરણ આપી સમજાવીશ. ગુણોત્તરની સમજ વિવિધ ઉદાહરણ દ્વારા આપીશ. ગુણોત્તર માટે " : " (જેમ) સંકેતનો ઉપયોગ થાય તે જણાવીશ. જુદી – જુદી પરિસ્થિતિમાં સરખા ગુણોત્તરની ઉદાહરણ દ્વારા સમજ આપીશ. ગુણોત્તરનો વ્યવહારમાં ક્યાં ઉપયોગ થાય છે તે જણાવીશ. સમાન હોય તેવા ગુણોત્તર મેળવવા જણાવીશ. પ્રમાણની ઉદાહરણ દ્વારા સમજ આપીશ. વ્યાવહારિક ઉદાહરણ દ્વારા વધુ સમજ કેળવીશ. પ્રમાણમાં છે તે તેનો સંકે ' : : ' 'અથવા' "=" બે ગુણોત્તરનું સમીકરણ વડે દર્શાવવામાં આવે છે તે સમજાવીશ. એકાત્મક પદ્ધતિ (યુનિટરી મેથડ) ની ઉદાહરણ દ્વારા સમજ આપીશ. કિંમત શોધવાના વ્યાવહારિક દાખલા ગણાવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાય ૧૨.૧
- સ્વાધ્યાય ૧૨.૨
- સ્વાધ્યાય ૧૨.૩